# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૪.૦૪.૨૦૧૯

-----------

દરેક ચોકીદાર ગરમી, ઠંડી કે વરસાદની પરવા કર્યા વગર પોતાનું કર્મ કરતો જાય છે,
સેવા કરતો જાય છે અને જેમના કારણે પ્રજા સુરક્ષિત હોવાનો અહેસાસ કરે છે, તેવા સૌ ચોકીદારો પર મને ખૂબ ગર્વ છે.
- શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

**કમનસીબી અને દુઃખની વાત એ છે કે, કોંગ્રેસ નિષ્ઠાવાન અને પ્રામાણિક ચોકીદારોને ચોર કહી રહી છે**

-----------

શ્રી નરેન્દ્રભાઈને ખબર છે કે, મહેનત અને પરિશ્રમ શું છે. દેશના ગરીબ વર્ગને થતી તકલીફોમાંથી
આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભૂતકાળમાં સ્વયં પસાર થઈ ચૂકેલા છે - શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

કોંગ્રેસમાં ફક્ત અને ફક્ત વંશવાદ છે. જે લોકો વિદેશમાં ભણી ,વિદેશમાં પરણી, વિદેશના પ્રભાવ નીચે, સીધા કોકપિટ માંથી
પ્રધાનમંત્રી બને એમને શું ખબર કે ગરીબી શું છે? ચોકીદાર દિવસ-રાત પરસેવો પાડીને મહેનત કરીને પોતાની ફરજ નિભાવતો
હોય તેને કેટલી તકલીફ પડતી હોય તે આ શેહઝાદાઓ ને શું ખબર? - શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

શ્રી નરેન્દ્રભાઈ મોદીનો કણે-કણ અને જીવનની પ્રત્યેક ક્ષણ દેશ માટે સમર્પિત છે.
પ્રમાણિકતા, ઈમાનદારી, “ખાતો નથી ને ખાવા દેતો નથી” જેવા સિદ્ધાંતો સાથે લઈને ચાલનારા વ્યક્તિ છે.
દેશની સલામતી અને સુરક્ષા માટે તેઓ કટિબદ્ધ છે. - શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

સેનાને આધુનિક ટેકનોલોજી મળે આધુનિક શસ્ત્ર-સરંજામ મળે નવા ઉપકરણો મળે ભારતની સેના સશક્ત બને તે
દિશામાં શ્રી નરેન્દ્રભાઈ મોદી કાર્ય કરી રહ્યા છે. ગુજરાત નસીબદાર છે કે, ગુજરાતમાં દેશની સૌથી પહેલી રક્ષા
યુનિવર્સિટી અને ફોરેન્સિક યુનિવર્સિટી છે. - શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

આ ચૂંટણીમાં ચોકીદારનો ભવ્ય વિજય થાય અને ચોરો પરાસ્ત થાય તે ભાવનાથી ગુજરાતની જનતા તમામ ૨૬ લોકસભા બેઠકો
પર ભાજપાના નિશાન એવા કમળનું બટન દબાવીને ભાજપાના તમામ ઉમેદવારોને ભવ્ય વિજય અપાવશે
- શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ ખાતે “મૈ ભી ચોકીદાર” કાર્યક્રમ અંતર્ગત મોટી સંખ્યામાં ઉપસ્થિત ચોકીદારોને સંબોધન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજના આ કાર્યક્રમમાં પ્રમાણિકતા-ઈમાનદારીથી પોતાના જીવના ભોગે બીજાની સંપત્તિ મિલકતોની ચોકીદારી કરનાર ચોકીદારો વિશાળ સંખ્યામાં અહીં ઉપસ્થિત થયા છે તેમનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. દરેક ચોકીદાર ગરમી, ઠંડી કે વરસાદની પરવા કર્યા વગર પોતાનું કર્મ કરતો જાય છે, સેવા કરતો જાય છે અને જેમના કારણે પ્રજા સુરક્ષિત હોવાનો અહેસાસ કરે છે, તેવા સૌ ચોકીદારો પર મને ખૂબ ગર્વ છે. પણ કમનસીબી અને દુઃખની વાત એ છે કે, કોંગ્રેસ આવા નિષ્ઠાવાન અને પ્રામાણિક ચોકીદારોને ચોર કહી રહી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




વિડંબના છે કે ભૂતકાળમાં દેશને માજા મૂકીને લૂંટનારા લોકો આજે દેશના ચોકીદાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ચોર કહી રહ્યા છે. ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, તેઓ બાળપણમાં ચા વેચીને મોટા થયા છે, ત્યારે પણ આ કોંગ્રેસ પાર્ટીએ કહ્યું હતું કે શું આ ચાવાળો દેશનો પ્રધાનમંત્રી બનશે? ચાવાળો દેશનો પ્રધાનમંત્રી ન બની શકે, ચા વાળો દેશ ના ચલાવી શકે, આવું કહીને સમગ્ર દેશના ચાવાળાઓનું અપમાન કર્યું હતું. સમગ્ર દેશના ચાવાળા નરેન્દ્રભાઈ મોદીના સમર્થનમાં ઊતરી આવ્યા હતા. ૨૦૧૪માં સમગ્ર દેશના ચાવાળાઓએ કોંગ્રેસને કહ્યું હતું, અમે ચા વેચીએ છીએ દેશ નથી વેચતા, અને ચા વેચીને ગરીબીમાં ઉછરેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રી બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની માતાને રસોડામાં ધુમાડામાં જમવાનું બનાવતા જોયા છે, પગપાળા કે સાઈકલ પર ચાલીને દિવસો પસાર કરનારા શ્રી નરેન્દ્રભાઈને ખબર છે કે, મહેનત અને પરિશ્રમ શું છે. દેશના ગરીબ વર્ગને થતી તકલીફોમાંથી આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભૂતકાળમાં સ્વયં પસાર થઇ ચૂકેલા છે. તેથી જ આપણે નસીબદાર છીએ કે આજે એક એવી વ્યક્તિ દેશના પ્રધાનમંત્રી પદ પર છે, જે દેશના સામાન્ય વર્ગને થતી તકલીફોથી વાકેફ છે. બીજી તરફ કોંગ્રેસમાં ફક્ત અને ફક્ત વંશવાદ છે. જે લોકો વિદેશમાં ભણી ,વિદેશમાં પરણી, વિદેશના પ્રભાવ નીચે, સીધા કોકપિટ માંથી પ્રધાનમંત્રી બને એમને શું ખબર કે ગરીબી શું છે? ચા વેચનાર કેટલી મહેનત કરતો હશે એ તેમને શું ખબર? ચોકીદાર દિવસ-રાત પરસેવો પાડીને મહેનત કરીને પોતાની ફરજ નિભાવતો હોય તેને કેટલી તકલીફ પડતી હોય તે આ શેહઝાદાઓ ને શું ખબર?

દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, હું પણ ચોકીદાર છું. દેશની સુરક્ષા કરવા માટે ચોકીદાર બનીને બેઠો છું. બીજી તરફ જેમનો પોતાનો ઈતિહાસ ચોરીથી ભરપૂર રહ્યો છે, જેમણે માજા મૂકીને ભ્રષ્ટાચાર કર્યો છે, તેવી કોંગ્રેસ પાર્ટી આજે દેશના ઈમાનદાર પ્રધાનમંત્રીને ચોર કહી રહી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીનો કણ-કણ અને જીવનની પ્રત્યેક ક્ષણ દેશ માટે સમર્પિત છે. પ્રમાણિકતા, ઈમાનદારી, "ખાતો નથી ને ખાવા દેતો નથી" જેવા સિદ્ધાંતો સાથે લઈને ચાલનારા વ્યક્તિ છે. દેશની સલામતી અને સુરક્ષા માટે તેઓ કટિબદ્ધ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણાયક નેતૃત્વ અને કૂટનીતિક સૂઝબૂઝના કારણે જ પાકિસ્તાનને આપણા વિંગ કમાન્ડર અભિનંદનને વાઘા બોર્ડર સુધી પાછા મુકવા આવવું પડ્યું હતું. સેનાને આધુનિક ટેકનોલોજી મળે આધુનિક શસ્ત્ર-સરંજામ મળે નવા ઉપકરણો મળે ભારતની સેના સશક્ત બને તે દિશામાં શ્રી નરેન્દ્રભાઈ મોદી કાર્ય કરી રહ્યા છે. ગુજરાત નસીબદાર છે કે, ગુજરાતમાં દેશની સૌથી પહેલી રક્ષા યુનિવર્સિટી અને ફોરેન્સિક યુનિવર્સિટી છે.

દેશમાં ચોકીદારોને સાચા અર્થમાં શક્તિશાળી અને સામર્થ્યવાન બનાવવા, ચોકીદાર નું ગૌરવ જાળવવા, દેશને સમૃદ્ધવાન બનાવવા, શ્રી નરેન્દ્રભાઈ મોદીને વધુ મજબૂત બનાવવા શ્રી રૂપાણીએ હાકલ કરી હતી. આ ચૂંટણીમાં ચોકીદારનો ભવ્ય વિજય થાય અને ચોરો પરાસ્ત થાય તે ભાવનાથી ગુજરાતની જનતા તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાના નિશાન એવા કમળનું બટન દબાવીને ભાજપાના તમામ ઉમેદવારોને ભવ્ય વિજય અપાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ભાજપાના રાજકોટના ઉમેદવાર શ્રી મોહનભાઈ કુંડારિયા, લોકસભા પ્રભારીશ્રી નરહરિભાઈ અમીન, લોકસભા ઈન્ચાર્જશ્રી ધનસુખ ભંડેરી, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, રાજકોટ મહાનગર / જિલ્લાના પ્રમુખ / મહામંત્રીશ્રીઓ, મેયરશ્રી તેમજ વિશાળ સંખ્યામાં ચોકીદારો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૧૪.૦૪.૨૦૧૯

-----------

**આજે રામનવમીના પવિત્ર પર્વે આપણે સૌ આસુરી તત્વો પર દૈવીશક્તિનો વિજય થાય તે માટે સંકલ્પબધ્ધ થઈએ.**
**ભાજપાની આ સરકાર અયોધ્યામાં ભગવાન શ્રી રામનું ભવ્યાતિભવ્ય મંદિરના નિર્માણ માટે કટિબધ્ધ છે**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**આઝાદ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ કહેતા હતા કે આરામ હરામ હૈ ત્યારે**
**દેશના યુવાનોએ નેહરુજીને પુછ્યું હતુ કે, "આરામ હરામ હૈ, તો કામ કહાં હૈ ?, નારા દિયા હૈ તો ફીર અંજામ દિજીયે"**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**દેશનું યુવાધન આ દેશનું ભવિષ્ય છે. જ્યારે વાત રાષ્ટ્રહિતની હોય, દેશદાઝની હોય,**
**ત્યારે યુવાનોએ આ બાબતોને પ્રાધાન્ય આપી દેશહિતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા**
**પ્રતિબધ્ધતા દર્શાવવી જોઈએ - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**કેન્દ્રની ભાજપા સરકારની પ્રત્યેક યોજનાઓના કેન્દ્ર સ્થાને પીડીતો-દલીતો-વંચિતો હોય છે.**
**દેશના સંસાધનોનો મહત્તમ લાભ ગરીબોને મળે તે માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર પ્રતિજ્ઞાબધ્ધ છે**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**દેશના ઉભરતા યુવા ખેલાડીઓને યોગ્ય તક અને પ્લેટફોર્મ મળી રહે તથા તેઓને વૈશ્વિક કક્ષાની અત્યાધુનિક રમતગમતની સગવડ**
**અને તાલીમ ઉપલબ્ધ થાય તે માટે કેન્દ્રની ભાજપા સરકારે "ખેલો ઈન્ડિયા" અભિયાન ખુબ જ જોમ અને જુસ્સા સાથે**
**કાર્યરત કર્યુ છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**જેએનયુમાં અફઝલગુરુની શોકસભામાં "ટુકડે ટુકડે ગેંગ"ના રાષ્ટ્રદ્રોહીઓ સાથે રાહુલ ગાંધી ઉપસ્થિત રહી**
**દેશવિરોધી નારા લગાવીને દેશના યુવાધનને ગેરમાર્ગે દોરવાની ચેષ્ટા કરી હતી,**
**આવી દેશદ્રોહી હરકતોને આ દેશનો યુવાન ક્યારેય સાંખી લેશે નહી**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિમાં આ યુવા સંમેલનમાં શહેર યુવા કોંગ્રેસ પ્રમુખ અને**
**એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ સહિત કોંગ્રેસના ૪૦ જેટલા અગ્રણી કાર્યકર્તાઓ ખેસ ધારણ કરી ભાજપામાં જોડાયા**

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આજરોજ રાજકોટ ખાતે યુવા સંમેલનને સંબોધતા જણાવ્યુ હતુ કે, આજે રામનવમીના પવિત્ર પર્વે આપણે સૌ આસુરી તત્વો પર દૈવીશક્તિનો વિજય થાય તે માટે સંકલ્પબધ્ધ થઈએ. ભાજપાની આ સરકાર અયોધ્યામાં ભગવાન શ્રી રામનું ભવ્યાતિભવ્ય મંદિરના નિર્માણ માટે કટિબધ્ધ છે.

શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, ભાજપાનું એકમાત્ર સુત્ર છે કે, અયોધ્યા મેં રામ, યુવાનો કો કામ, કિસાનો કો સહી દામ, મહેંગાઇ પે લગામ, ઔર હટાદો ભ્રષ્ટાચારી બદનામ.. આઝાદ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ કહેતા હતા કે આરામ હરામ હૈ ત્યારે દેશના યુવાનોએ નેહરુજીને પુછ્યું હતુ કે, "આરામ હરામ હૈ, તો કામ કહાં હૈ ?, નારા દિયા હૈ તો ફીર અંજામ દિજીયે". નેહરુના સમયથી બેકારોની ફોજ વધતી ગઈ છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




યુવાનોને હાકલ કરતા શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, દેશનું યુવાધન આ દેશનું ભવિષ્ય છે. જ્યારે વાત રાષ્ટ્રહિતની હોય, દેશદાઝની હોય, ત્યારે યુવાનોએ આ બાબતોને પ્રાધાન્ય આપી દેશહિતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથ મજબૂત કરવા પ્રતિબધ્ધતા દર્શાવવી જોઇએ. ભાજપાની કેન્દ્ર સરકારે યુવાનોને સ્વનિર્ભર બનાવવા અનેક સ્વરોજગારીની તકોનું નિર્માણ કરવા હેતુ અસંખ્ય પગલાંઓ લીધા છે. જેમાં મુદ્રા યોજના અંતર્ગત વગર જામીને ૫૦ લાખ સુધીની લોન આપવામાં આવે છે, જેમાં મહિલા લાભાર્થીઓના કિસ્સામાં ૫૦ ટકા અને પુરુષ લાભાર્થીઓના કિસ્સામાં ૨૫ ટકા રકમની ગેરંટર સરકાર બને છે. આપણ દેશના યુવાનો વૈશ્વિક પ્રવાહો સાથે કદમ મીલાવી શકે તે માટે વિદેશ અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓને લોનની સુવિધા તદ્ઉપરાંત તે વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આર્થિક રીતે પગભર બને ત્યારબાદ તે લોનની ચૂકવણીની સુવિધા સરકારે આપી છે.

યુવાનોના સશક્તિકરણ માટે અને યુવા સાહસીકોને પ્રોત્સાહન આપવાના હેતુસર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ "સ્ટાર્ટઅપ ઈન્ડિયા", "ડીજીટલ ઈન્ડિયા" અને "સ્કીલ ઈન્ડિયા" જેવી યુવાલક્ષી યોજનાઓને અમલમાં મુકી છે. દેશના ઉભરતા યુવા ખેલાડીઓને યોગ્ય તક અને પ્લેટફોર્મ મળી રહે તથા તેઓને વૈશ્વિક કક્ષાની અત્યાધુનિક રમતગમતની સગવડ અને તાલીમ ઉપલબ્ધ થાય તે માટે કેન્દ્રની ભાજપા સરકારે "ખેલો ઈન્ડિયા" અભિયાન ખુબ જ જોમ અને જુસ્સા સાથે કાર્યરત કર્યુ છે.

શ્રી રૂપાણીએ નવા યુવા મતદારોને લોકશાહીમાં ચૂંટણીનું મહત્વ સમજાવતાં જણાવ્યુ હતુ કે, આ વખતની ચૂંટણીમાં મુખ્ય મુદ્દો રાજકિય સ્થિરતા અને અસ્થિરતા વચ્ચેનો છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૫ વર્ષ સ્થીરતાથી શાસન કરીને દેશનો તેજ ગતિથી વિકાસ કર્યો છે. જ્યા સ્થીરતા હોય ત્યા પ્રગતિ થાય છે અને અસ્થીરતા હોય ત્યાં અરાજકતા ઉભી થાય છે. કોંગ્રેસ અને ગઠબંધનમાં તેમના વડાપ્રધાન કોણ બનશે તે પણ હજુ નક્કી નથી. રાહુલ, મમતા, લાલુપ્રસાદ, માયાવતી બધાને વડાપ્રધાન બનવુ છે. કોંગ્રેસ પાર્ટી ૧૫૦ વર્ષ જુની પાર્ટી છે. આટલી જુની પાર્ટીમાં હવે કોઇ સિધ્ધાંત, મર્યાદા, નીતિમત્તા કે દેશદાઝ રહ્યા નથી.

યુવાનોને ઉશ્કેરી દેશવિરોધી તત્વોને સમર્થન આપતી કોંગ્રેસને ખુલ્લી પાડતાં શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, રાહુલ ગાંધી જેએનયુમાં અફઝલગુરુની શોકસભામાં "ટુકડે ટુકડે ગેંગ"ના રાષ્ટ્રદ્રોહીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ શોકસભામાં દેશવિરોધી નારા લગાવીને દેશના યુવાધનને ગેરમાર્ગે દોરવાની ચેષ્ટા કરી હતી, રાહુલ ગાંધીની આવી દેશદ્રોહી હરકતોને આ દેશનો યુવાન ક્યારેય સાંખી લેશે નહી.

આપણી ભારતમાતાને જગતજનની બનાવવી છે, દુર્ગા જેવી શક્તિશાળી, અન્નપુર્ણા જેવી ધનધાન્યવાન, લક્ષ્મી જેવી સમૃધ્ધવાન અને સરસ્વતી જેવી વિદ્યાવાન બનાવવા માટે યુવાનોને આગળ આવવા હાકલ કરી હતી.

આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિ નિમિત્તે શ્રધ્ધાંજલી અર્પણ કરી ઉપસ્થિત સૌ યુવાનોને જણાવ્યુ હતુ કે, કેન્દ્રની ભાજપા સરકારની પ્રત્યેક યોજનાઓના કેન્દ્ર સ્થાને પીડીતો-દલીતો-વંચિતો હોય છે. દેશના સંસાધનોનો મહત્તમ લાભ ગરીબોને મળે તે માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સરકાર પ્રતિજ્ઞાબધ્ધ છે.

યુવાનોને મારી અપીલ છે કે ભાજપાને વિજયી બનાવી નરેન્દ્રભાઇ મોદીને પુનઃ વડાપ્રધાન બનાવવા માટે કમળના નિશાનને કચકચાવીને દબાવીને જંગી બહુમતિથી જીતાડો.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિમાં આ યુવા સંમેલનમાં શહેર યુવા કોંગ્રેસ પ્રમુખ અને એન.એસ.યુ.આઇ.ના પ્રમુખ સહિત કોંગ્રેસના ૪૦ જેટલા અગ્રણી કાર્યકર્તાઓ ખેસ ધારણ કરી ભાજપામાં જોડાયા હતા.

આ યુવા સંમેલનમાં રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી મોહનભાઇ કુંડારીયા, પ્રદેશ અગ્રણીઓ, લોકસભા પ્રભારીશ્રી નરહરીભાઇ અમીન, લોકસભા ઇન્ચાર્જ શ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના મેયર અને કોર્પોરેટરશ્રીઓ, ભાજપા જીલ્લા/શહેરના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં યુવાધન અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૧૪.૦૪.૨૦૧૯

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એનડીએ ૨૦૧૪ કરતાં પણ વધારે બેઠકો સાથે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં વિજય મેળવશે - શ્રી દેવેન્દ્ર ફડણવીસ**

---------------

**જેમ ટેલિવિઝનમાં સિરિયલ શરૂ થતાં પહેલા આવે છે કે,
"આ ધારાવાહિક સંપૂર્ણ કાલ્પનિક છે વાસ્તવિકતા સાથે તેને કોઈ સંબંધ નથી".
આ વાક્ય કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે સંપૂર્ણ રીતે બંધબેસતું છે - શ્રી દેવેન્દ્ર ફડણવીસ**

---------------

**સમગ્ર વિશ્વમાં ફક્ત પાકિસ્તાન અને કોંગ્રેસે જ ભારતીય જવાનોના પરાક્રમના સબૂત માંગ્યા.
જે કોંગ્રેસની પાકિસ્તાન તરફી માનસિકતા ઉજાગર કરે છે - શ્રી દેવેન્દ્ર ફડણવીસ**

---------------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયત્નોને કારણે જ ગુજરાત મોડલ આજે વિશ્વભરમાં પ્રસ્થાપિત થયું છે.
આજે રાજ્યો વચ્ચે વિકાસની સ્પર્ધા થઈ રહી છે. આ તંદુરસ્ત હરિફાઈને કારણે યુવકોને રોજગાર મળી રહ્યો છે
- શ્રી દેવેન્દ્ર ફડણવીસ**

---------------

આજરોજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસજીએ અમદાવાદ પશ્ચિમ લોકસભામાં આવેલા સારંગપુર ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને આંબેડકર જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

શ્રી ફડણવીસજીએ અમદાવાદ પશ્ચિમ લોકસભા વિસ્તારમાં ભાજપાના ઉમેદવાર શ્રી ડો. કિરીટભાઈ સોલંકીના સમર્થનમાં લોકસંપર્ક કાર્યક્રમમાં જોડાયા હતા, જેમાં જનતાનો અભૂતપૂર્વ પ્રતિસાદ જોવા મળ્યો હતો. લોકસંપર્ક દરમિયાન ઠેર ઠેર અમદાવાદની જનતાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું અને 'ફિર એક બાર મોદી સરકાર' ના નારા સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

શ્રી દેવેન્દ્ર ફડણવીસજીએ અમદાવાદ ખાતે આવેલ શ્રીપાદની વાડી ખાતે મહારાષ્ટ્રના મરાઠી સમુદાયના અગ્રણીઓ સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે ગણેશ મંડળના પ્રમુખશ્રી, મહિલા મોરચાના આગેવાનો તેમજ વિવિધ અગ્રણીશ્રીઓ ધ્વારા તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રી ફડણવીસજીએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર અને ગુજરાતનો નાતો મોટાભાઈ અને નાનાભાઈ જેવો છે, એટલે મને નાનાભાઈની પ્રગતિ જોઈને બેહદ ખુશી થાય છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયત્નોને કારણે જ ગુજરાત મોડલ આજે વિશ્વભરમાં પ્રસ્થાપિત થયું છે. આજે રાજ્યો વચ્ચે વિકાસની સ્પર્ધા થઈ રહી છે. આ તંદુરસ્ત હરિફાઈને કારણે યુવકોને રોજગાર મળી રહ્યો છે.

શ્રી ફડણવીસજીએ જણાવ્યું હતું કે, જેમ ટેલિવિઝનમાં સિરિયલ શરૂ થતાં પહેલા આવે છે કે, "આ ધારાવાહિક સંપૂર્ણ કાલ્પનિક છે વાસ્તવિકતા સાથે તેને કોઈ સંબંધ નથી". આ વાક્ય કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે સંપૂર્ણ રીતે બંધબેસતું છે.

શ્રી ફડણવીસજીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ફક્ત પાકિસ્તાન અને કોંગ્રેસે જ ભારતીય જવાનોના પરાક્રમના સબૂત માંગ્યા. જે કોંગ્રેસની પાકિસ્તાન તરફી માનસિકતા ઉજાગર કરે છે.

ચાલી રહેલી લોકસભાની ચૂંટણી વિશે શ્રી ફડણવીસજીએ જણાવ્યું હતું કે, પ્રથમ ચરણનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે ત્યારે જનતાનો ઉત્સાહ જોતા સ્પષ્ટ લાગે રહ્યું છે કે જનતાએ શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમર્થનમાં જ મતદાન કર્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એનડીએ ૨૦૧૪ કરતાં પણ વધારે બેઠકો સાથે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં વિજય મેળવશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ